ગાંધીનગર **તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૪૦ ટકા

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આઠ વોર્ડમાં ૧૪૫ શાકભાજીની લારીઓ ફરતી કરાઈ

## શાકભાજીની લારીઓ ફરે છે, તે અંગેનું વિવિધ વોર્ડના ૩૧૦ ઘરોએ પાલિકાના એસ.આઇ અને એસ.એસ.આઇ.એ કરેલા ચેકીંગમાં સમર્થન આપ્યું






ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં લોક ડાઉન દરમ્યાન સામાન્ય જીવન ધબકતું રહે તેવા ઉમદા આશયથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તમામ વોર્ડમાં શાકભાજીનું વિતરણ કરવા માટે શાકભાજીની લારીઓ ફરતી કરવામાં આવી છે. આજે મહાનગરપાલિકાના ૮ વોર્ડમાં ૧૪૫ શાકભાજીની લારીઓ ફરી છે, તેવું ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી પી.એસ. દવેએ જણાવ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી પી.એસ. દવેએ વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગરમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે લોક ડાઉનની પરિસ્થિતિનો કડક અમલીવારી થાય તે ખૂબ જરૂરી છે. આ સમય દરમ્યાન સામાન્ય જનજીવનને સતત ધબકતું રાખવા માટે દૂધ, કિરાણા અને શાકભાજી જેવી જરૂરિયાતવાળી ચીજવસ્તુઓ સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

શાકભાજી માટે મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતી ગૃહિણી કે ઘરના કોઈ સભ્યને બહાર ન નીકળવું પડે તે માટે જરૂરી કાર્યવાહી કરીને શાકભાજીની લારીઓ ફરતી કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકાના ૮ વાર્ડ આવેલા છે. જેમાં આજે વોર્ડ – ૧ માં ૧૬, વોર્ડ- ૨ માં ૧૮, વોર્ડ – ૩ માં ૧૯, વોર્ડ – ૪માં ૧૮, વોર્ડ – ૫ માં ૨૨, વોર્ડ – ૬ માં ૨૧, વોર્ડ – ૭ માં ૧૫ અને વોર્ડ – ૮ માં ૧૬ મળીને કુલ- ૧૪૫ શાકભાજીની લારીઓ ફેરવામાં આવી હતી. આ લારીવાળા આ વિસ્તારમાં ફર્યા છે કે નહિ, તેની તકેદારી અને ક્રોસ ચેકિંગ પણ અમારા એસ.આઈ. અને એસ.એસ.આઈ. શ્રીઓ દ્વારા કરવામાં આવ્યા હતા. તેમણે શાકભાજીની લારીઓ જે જે વોર્ડમાં ફરી હતી. તેવા ૩૧૦ ઘરોની મુલાકાત લઈ લારી આવી હતી કે નહિ તેની તપાસ કરી હતી. તેમના ચેકિંગ, વોર્ડ – ૧ માં ૪૩, વોર્ડ- ૨ માં ૫૧, વોર્ડ – ૩ માં ૫૪, વોર્ડ – ૪માં ૨૯, વોર્ડ – ૫ માં ૨૮, વોર્ડ – ૬ માં ૪૨, વોર્ડ – ૭ માં ૪૦ અને વોર્ડ – ૮ માં ૨૩ ઘરોએ આ લારીઓ આવી હતી. તે વાતને સમર્થન આપ્યું હતું. આ ચેકીંગ કરવા પાછળનો ઉમદા આશય એટલો છે કે કોઈ વોર્ડની કોઈ શેરી કે નાકામાં લારી ન ગઈ હોય તો ત્યાં રહેતા લોકો માટે શાકભાજીની લારી મોકલી શકાય.

# કોરોનાની કટોકટીમાં કેમેરાની 'ક્લિક'..!!

સંકલન : સમીર રામી




## પોતાની સલામતી માટે પોલીસની 'હાથ કી સફાઈ'!!

કોરોના સામેની લડતમાં હાથની સ્વચ્છતાનું મહત્વ ખૂબ મહત્વનું છે કેમ કે આપણે કોઈ પણ ચીજવસ્તુને મોટે ભાગે હાથથી જ સ્પર્શ કરતા હોઈએ છીએ. એટલા માટે તો દુનિયાભરમાં કોરોનાથી બચવા માટે સૌ પ્રથમ પગલાં તરીકે એકબીજાનું અભિવાદન હાથ મિલાવીને નહીં પરંતુ બે હાથ જોડીને 'નમસ્તે' દ્વારા કરવાનું સૂચન કરવામાં આવે છે. કોરોના નહોતો આવ્યો ત્યાં સુધી જે પોલીસ 'હાથ કી સફાઈ' કરનારાઓને ઝબ્બે કરવા કાર્યરત રહેતી હતી તે પોલીસ અત્યારે લૉકડાઉનની સ્થિતિમાં કાયદો અને વ્યવસ્થાનું પાલન નહીં કરનાર અને બહાર અથવા રખડવા નીકળી પડતાં મૂરખાંઓની શાન ઠેકાણે લાવવા મથી રહી છે. પથિકાશ્રમ સર્કલ નજીક ફરજ બજાવી રહેલા આ બે પોલીસ કર્મીઓ દરેક વાહનનું ચેકીંગ કર્યા પછી પોતાની સલામતી માટે સેનેટાઈઝર વડે એકબીજાના 'હાથ કી સફાઈ' કરતાં નજરે ચઢે છે.





## કોઈ જુએ કે ના જુએ, હું મારું કામ નિષ્ઠાથી કરીશ...!!

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનતા કરફર્યુ દરમ્યાન કોરોના કટોકટીમાં પોતાના જીવની પરવા કર્યા વિના લડત આપી રહેલા તબીબો, નર્સો, પેરા મેડીકલ સ્ટાફ પોલીસ, પત્રકારો, સેનેટાઈઝેશન સ્ટાફ તથા સફાઈ કામદારો વગેરેને તેમની સેવાઓ બદલ આભાર માનવા પાંચ મિનિટ માટે તાળી-થાળી વગાડવાનું આહવાન કર્યું હતું જેને જનતાએ અભૂતપૂર્વ ધન્યવાદ નાદ કરી વધાવી લીધું હતું. વડાપ્રધાનનું આ આહવાન ગાંધીનગરના સુમસામ માર્ગો પર જયાં લૉકડાઉનને કારણે કોઈ અવરજવર ના હોવાથી કોઈ જોઈ જાય તેવી સ્થિતિ પણ ના હોવા છતાં નિષ્ઠાપૂર્વક સફાઈ કાર્યની જવાબદારી નિભાવી રહેલી આ સફાઈકર્મી મહિલાને જોઈ યથાર્થ લાગે છે અને તેની પ્રતિબધ્ધતા સામે નતમસ્તક થઈ તેના ચરણ સ્પર્શ કરવાનું મન થઈ જાય તેટલી તન્મયતાથી તે મહિલા તેની ફરજ બજાવી રહી હતી ત્યારે પાન-મસાલા-ગુટખા ખાવા લૉકડાઉનમાં નીકળી પડતાં અને પોતાના શરીર સાથે શહેરને પણ ગંદકીનું ઘર બનાવતા બેજવાબદારોએ શરમાવાની જરૂર જણાય છે.




ભારતમાં કોરોનાનો પગપેસારો થતાંની સાથે જ વડાપ્રધાને સચેત થઈને લૉકડાઉનનો નિર્ણય લીધો તેની આજે વિશ્વભરમાં પ્રસંશા થઈ રહી છે અને તેના કારણે હજુ દેશમાં કોરોનાનો કહેર અન્ય રાષ્ટ્રો કરતાં ઓછો રહેવા પામ્યો છે. દિલ્હીમાં બેઠેલો આ 'ચોકીદાર' દરેક મોરચે રાષ્ટ્રની સુરક્ષા માટે ચોકી કરી રહ્યો છે ત્યારે બીજી તરફ લૉકડાઉનની સ્થિતિમાં સુમસામ પડેલા કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં કોઈ પોતાની દુકાન ના ખોલે કે ટાઈમપાસ માટે ટોળે વળી અડ્ડા ના જમાવે અથવા કોઈ બંધ કોમ્પ્લેક્ષ જોઈને ચોરી-ચકારી ના કરી જાય તે હેતુથી ચોકી કરી રહેલ આ 'એકલો' ચોકીદાર મોબાઈલ પર કોરોનાની સ્થિતિ અંગેના સમાચાર મેળવી રહ્યો છે અને પોતાના સ્વજનો સાથે સંપર્કમાં રહેવા પ્રયાસ કરી રહ્યો છે.



લાયન્સ કલબ હેરીટેજ અમદાવાદ તરફથી ગાંધીનગર જિલ્લામાં રાહત દરે માસ્કનું વિતરણ કરવામાં આવ્યું છે. સાત હજાર જેટલા માસ્કનું વિતરણ કરવામાં આવ્યું છે.




કોરોના વાયરસના કહેરને ડામવા સૌ કોઈ પોતપોતાની રીતે પગલાં ભરી રહ્યા છે. કોર્પોરેટર રાકેશ પટેલે પોતાના વોર્ડ વિસ્તારને સેનેટાઈઝ કરવાની ઝુંબેશ ફાયરબ્રિગેડની મદદથી ઉપાડી છે.

# ન્યુ ગાંધીનગરની સોસાયટી અને સેકટરોમાં ડ્રોન દ્વારા પોલીસની બાજનજર

## લોકડાઉનના ભંગ બદલ વાહનો ડીટેઈન કરાયા

ગાંધીનગર, તા.૨૮

સમગ્ર ભારતમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ત્યારે ગુજરાતમાં પણ કોરોના એ પગપેસારો કરી દીધો છે. ત્યારે ગુજરાતમાં પણ લોકડાઉનની સ્થિતિ વચ્ચે કેટલાક નાગરીકો બહાર આવે છે. જેને પગલે પોલીસે કડક કાર્યવાહી શરુ કરી દીધી છે. લોકડાઉનના ચોથા દિવસે શહેરમાં બહાર નીકળેલા નાગરીકોના વાહનો પોલીસ તંત્ર દ્વારા ડીટેઈન કરી દેવામાં આવ્યા છે. જયારે ન્યું ગાંધીનગરની સોસાયટીઓ વિસ્તારમાં ડ્રોન કેમેરા દ્વારા પોલીસ બાજનજર રાખી રહ્યું છે. જે સોસાયટીના કોમન પ્લોટ કે ગાર્ડન એરીયામાં નાગરીકો એકઠા થયા હશે તેની સામે લોકડાઉન ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ રાજયના ડીજીપીની સુચના બાદ ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની સુચના મુજબ લોકડાઉનમાં ડ્રોન કેમેરા દ્વારા સર્વેલન્સની કામગીરી શરુ કરવામાં આવી છે. આ અંગે ડીવાયએસપી એમ.કે.રાણા એ જણાવ્યુ છે કે પોલીસ કર્મચારીઓ દ્વારા લોકડાઉનની અસરને જાણવા માટે સોસાયટીની બાજુમાં ડ્રોન કેમેરા ઉડાડી જોવામાં આવશે કે સોસાયટીમાં રહેતા નાગરીકો લોકડાઉનનો અમલ કરે છે કે નહી. સોસાયટીના કોમન પ્લોટ કે ગાર્ડન સહિત સેકટરોમાં પણ આ પ્રકારે નાગરીકો એકઠા થશે તો તેની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જયારે પોલીસ તંત્ર દ્વારા રાઉન્ડ ધ કલોક પોલીસ પેટ્રોલીંગ કરવામાં આવે છે. લોકડાઉનનો અમલ નહી કરનાર વાહન ચાલકોના વાહનો ડીટેઈન કરવામાં આવશે.





શહેરમાં કોરોના કટોકટીના માહોલમાં ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓની આજીવિકા બંધ થઈ જતાં તેમની હાલત કફોડી થવા પમી છે. જો કે આ પરિસ્થિતિમાં શહેરીજનોની કરૂણા પણ દેખાઈ રહી છે અને પોતાની ચિંતા કર્યા વગર સેવાભાવીઓ શ્રમિકોને ભોજન પુરું પાડી રહ્યા છે. શહેરના સેકટર-૪માં અંજનાબેન રાઠોડ, કિંજલ રાઠોડ તથા રાજેશ પ્રજાપતિએ જરૂરિયાતમંદોને ભોજન પુરું પાડી ઉમદા માનવતા દાખવી હતી.

## સુમસામ શોપીંગ સેન્ટરના ઓટલે 'મીઠી નીંદર'...!!




વડાપ્રધાને કહ્યું કે કોરોનાથી બચવા સૌ કોઈ પોતાના ઘરમાં જ રહો પરંતુ ઉનાળાના બપોરે મારી ઝુંપડીમાં બે ઘડી ઊંઘ ખેંચી શકાય તેટલી જગ્યા કયાં વધે છે? એના કરતાં તો અત્યારે આ શોપીંગ સેન્ટરની બધી દુકાનો બંધ છે અને અહીં કોઈ અવર જવર નથી તો લાવને તેના ઓટલે થોડી મીઠી નીંદર માણી લઉં..!! સરસ પવન પણ આવે છે અહીં...

## તામિલનાડુથી આવ્યાં તડબુચ..!!



કોરોનાને પગલે જાહેર કરાયેલા લૉકડાઉનની સ્થિતિમાં અનાજ-કરિયાણું, શાકભાજી, ફળફળાદિ જેવી જીવનજરુરી ચીજવસ્તુઓના વેચાણની છુટ આપવામાં આવી છે. ગાંધીનગરના સેકટર-૨૧માં એક મોટી વાનમાં તડબુચ વેચાવા આવ્યા છે જેને વેપારી તાલિમનાડુથી આવેલા તડબુચ કહે છે અને કિલોના રૂ. ૨૦ના ભાવે વેચાણ કરી રહ્યા છે. જો કે, અહીં સવાલ એ પણ ખડો થાય છે કે આ સ્થિતિમાં છેક તામિલનાડુથી તડબુચ અહીં સુધી આવ્યા કેવી રીતે...??

# સાહેબ અમે તો ત્રણ દિવસથી ભૂખ્યાં છીએ

## ગાંધીનગરમાં 'ત્યાગ' ગૃપનાં સ્વયંસેવકોનું ફુડ પેકેટ્સ વિતરણ

ગાંધીનગર, તા.૨૮

નોવેલ કોરોના વાઈરસ સંક્રમણની ભીતિને પગલે દેશભરમાં ૨૧ દિવસનું લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું છે જેના કારણે શ્રમિક વર્ગ જે રોજ કમાઈને રોજ ખાતા હોય તેવા મજૂરી કરનાર નાગરિકો ખૂબ જ મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ પરિસ્થિતિમાં જૈનાચાર્ય પૂ. ચન્દ્રશેખર વિજયજી મ.સા. ની પ્રેરણાથી તપોવન યુવા એલ્યુમની ગ્રુપ 'ત્યાગ' તરફથી સમગ્ર ગુજરાતના ઝુંપડપટ્ટી વિસ્તારમાં ફૂડ પેકેટ્સ વહેંચવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં 'ત્યાગ' ગૃપનાં સ્વયંસેવકો જ્યારે ફુડ પેકેટ્સનું વિતરણ કરી રહ્યાં હતાં ત્યારે એક જરૂરીયાતમંદ વર્ગના પરિવારના સભ્યોએ તેઓ ત્રણ દિવસથી ભૂખ્યાં હોવાનું જણાવતા સેવા આપી રહેલા સ્વયંસેવકો પણ ગમગીન થઈ ગયા હતા અને આ સેવા તેમણે ૨૧ દિવસ સુધી ચાલુ રાખવાનો નિર્ધાર કર્યો છે. આ જરૂરીયાતમંદોને હજુ ૨૧ દિવસ કામ-ધંધા વગર ગુજરાન કરવાનું હોવાથી ત્યાગ ગૃપની સહાનુભૂતિ એ શ્રમિક પરિવારો માટે વરદાન રૂપ બની રહેશે તેમાં મીનમેખ નથી. આ પ્રકારના વધુને વધુ જરૂરિયાતમંદોની મદદ થઈ શકે માટે તન, મન, ધનથી સેવાની પડતી જરૂરિયાત માટે ત્યાગ ગૃપ દ્વારા સર્વ નાગરિકોને પોતાનો બનતો યથાયોગ્ય સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

